# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-11-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદનાં ચાંદલોડિયા અને રાજકોટ સહિતના 18 રેલવે સ્ટેશનો ઉપર જનઔષધિ કેન્દ્રનો પ્રારંભ
2. શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયેલી વાવની બેઠકની પેટાચૂંટણીમાં 67 ટકા જેટલું મતદાન
3. રાષ્ટ્રપતિએ દીવમાં આઈ.અને.એસ. ખુખરી મેમોરિયલમા શહીદ જવાનોને શ્રદ્ધાંજલી અર્પી.. રાષ્ટ્રપતિએ દિવના કિલ્લાની પણ લીધી મુલાકાત
4. બે દર્દીઓના મોતના મામલે અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલ સામે કડક કાર્યવાહી કરવા રાજ્ય સરકારે આરોગ્ય વિભાગને સૂચના આપી
5. પશુધન વીમા સહાય યોજના હેઠળ વીમા કંપનીને માત્ર ૧૦૦ રૂપિયા પ્રીમીયમમાં પશુપાલકો પશુધનને વીમાનો લાભ આપી શકશે

--------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM JANAUSHADHI CENTRE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બિહારનાં દરભંગા ખાતેથી અમદાવાદના ચાંદલોડિયા રેલવે સ્ટેશન સહિતના દેશનાં વિવિધ રેલવે સ્ટેશનો પર 18 ભારતીય જનઔષધિ કેન્દ્રોનું ઉદઘાટન કર્યું. રેલવેમાં મુસાફરી કરતાં મુસાફરોને રાહતદરે આ જનઔષધિ કેન્દ્ર ઉપરથી દવાઓ ઉપલબ્ધ થશે.

અમદાવાદના ચાંદલોડિયા રેલવે સ્ટેશન ખાતે આ પ્રસંગે સાબરમતીના ધારાસભ્ય હર્ષદ પટેલ અને અમદાવાદના મેયર ઉપસ્થિત રહ્યા હતા. અને રાજકોટ રેલવે સ્ટેશન ખાતે જન ઔષધિ કેન્દ્રનું વર્ચ્યુઅલી લોકાર્પણ કર્યુ હતું. દસ લાખ કરતાંવધુ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા રાજકોટ રેલવે સ્ટેશન ઉપરના આ જનઔષધિ કેન્દ્રના લોકાર્પણ પ્રસંગે રાજકોટના સાંસદ પરષોતમ રૂપાલાએ જણાવ્યું હતું કે આ સેવાને કારણે રેલવેમાં મુસાફરી કરતાં મુસાફરોને સસ્તા દરે દવાઓ ઉપલબ્ધ થશે.

બાઇટ– પરષોતમ રૂપાલા, સાંસદ , રાજકોટ

# Vav BY ELECTION

બનાસકાંઠા જિલ્લાની વાવ વિધાનસભા પેટા ચૂંટણીમાં આજે શાંતિપૂર્ણ રીતે મતદાન થયું હતું. સવારે 7 કલાક થી મતદાન શરૂ થયું હતું. સાંજે 6 વાગ્યા સુધી મતદારો એ શાંતિ પૂર્ણ માહોલમાં મતાધિકાર નો ઉપયોગ કરી મતદાન કર્યું હતું. આ બેઠક પર ભાજપના સ્વરૂપજી ઠાકોર, કોંગ્રેસના ગુલાબસિંહ રાજપૂત અને અપક્ષ ઉમેદવાર માવજી પટેલ સહિત કુલ 10 ઉમેદવારો મેદાનમાં હતા.

ચૂંટણી પંચ દ્વારા સાંજે 5 વાગ્યા સુધીના જાહેર કરાયેલા આંકડા અનુસાર કુલ 67.13 ટકા મતદાન થયું છે. સરહદી વિસ્તાર માં યુવાનો થી લઈ વડીલો, મહિલાઓ એ ઉત્સાહ સાથે મતદાન કર્યુ હતું.. વાવનના 321 બુથ પર ઉમેદવારો નું ભાવિ evm મા સિલ થયું હતું.23 તારીખે મતગણતરી હાથ ધરવામાં આવશે તેમ અમારા બનાસકાંઠાના પ્રતિનિધિ સવજી ચૌધરીએ માહિતી આપી હતી.

વોઇસ કાસ્ટ – સવજી ચૌધરી

# PRESIDENT DIU

રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ દીવ ખાતે આઈ.એન.એસ. ખૂખરી મેમોરિયલના શહિદ જવાનોને શ્રદ્ધાંજલી આપી હતી. જ્યાં તેમણે આઈ.એન.એસ. ખૂખરી યુદ્ધ જહાજમાં શહિદ થયેલા જવાનોને તેમણે શ્રદ્ધાંસુમન અર્પણ કરી બે મિનિટનું મૌન પાળ્યું હતું. ત્યાર બાદ તેઓ દિવના કિલ્લા પર પહોંચ્યા હતા..

અગાઉ એરપોર્ટ ખાતે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાંથી માર્ગ પર જતા તેમને અલગ અલગ લોકનૃત્ય દ્વારા તથા વિદ્યાર્થીઓએ હાથમાં તિરંગો ફરકાવીને આવકાર્યા હતા.

# RUSHKIKESH PATEL ON KHYATI HOSPITAL ISSUE

રાજ્ય સરકારે અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં બનેલ બે દર્દીઓના મોતની ઘટનાને પગલે કડક કાર્યવાહી કરવા આરોગ્ય વિભાગને સૂચના આપી.

આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, ખ્યાતિ હોસ્પિટલ સાથે જોડાયેલ ડૉક્ટર રાજ્યની અન્ય કોઈપણ હોસ્પિટલમાં કામ કરી શકશે નહીં. હોસ્પિટલના માલિક અને અન્ય તબીબો વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા(BNS) ની કલમ ૧૦૦, ૧૦૫, ૩૩૬, ૬૧ સહિતની અન્ય કલમો અંતર્ગત સરકાર દ્વારા પોલિસ ફરિયાદ કરાશે. આ ઘટના સાથે સંકળાયેલા ડૉક્ટર વિરૂધ્ધ જરૂરી પગલાં લેવા માટે Gujarat Medical Council ને સુચના અપાશે. વધુમાં હોસ્પિટલમાં અગાઉ થયેલ Cardiologyના કેસોની પણ ચકાસણી કરાશે.

સમગ્ર ઘટનામાં કમિટીને ગુનાહિત કૃત્ય અને મેડિકલ બેદરકારી જણાઇ આવતા રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા ખ્યાતિ હોસ્પિટલ સંદર્ભે ગેરરિતી બદલ મહત્વપૂર્ણ નિર્ણય કરાયો છે.

અમદાવાદ સ્થિત ખ્યાતી હોસ્પિટલને પી.એમ.જે.વાય-મા યોજનાની માર્ગદર્શિકા અનુસાર કાયમીપણે બ્લેકલીસ્ટ કરવામાં આવી છે. એક વર્ષમાં ૯૫ હોસ્પિટલની મુલાકાત કરવામાં આવી. જેમાંથી પાંચ હોસ્પિટલને સસ્પેન્ડ પણ કરાઇ છે. તેમજ ૨૦ કરોડ રૂપિયાથી વધુનો દંડ કરવામાં આવ્યો છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

# PASHU VIMA YOJNA

ગુજરાતનો પશુપાલક વીમા કંપનીને માત્ર ૧૦૦ રૂપિયા પ્રીમીયમ ચૂકવીને પોતાના પશુને વીમા કવચથી સુરક્ષિત કરી શકશે.. પશુપાલકોને આર્થિક સંરક્ષણ પૂરું પાડવા રાજ્ય સરકારે નવી પશુધન વીમા સહાય યોજના અમલમાં મૂકી: હોવાનું પશુપાલનમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું..આ યોજનાને વધુ અસરકારક બનાવવા ગુજરાત પશુધન વિકાસ બોર્ડ અને ICICI લોમ્બાર્ડ જનરલ ઇન્સ્યોરન્સ કંપની વચ્ચે ગાંધીનગર ખાતે સમજૂતીના કરાર થયા હતા..

આ નવી યોજનાનો લાભ આપવા પશુપાલકો માટે આઈ-ખેડૂત પોર્ટલ ૧૪મી નવેમ્બરથી એક મહિનાસુધી ખુલ્લું મૂકાશે અને પ્રતિ પશુપાલક ૧ થી ૩ વેતરના હોય તેવા ગાય-ભેંસ વર્ગના મહત્તમ ૩ પશુઓ માટે સહાય અપાશે પ્રથમ તબક્કામાં સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારના ૫૦ હજાર જેટલા પશુઓને આ યોજના હેઠળ આવરી લેવાનું સરકાર દ્વારા આયોજન કરાયું છે.

# Post life certificate

હવે પેન્શન ધારકો ને જીવન પ્રમાણપત્ર રજૂ કરવા માટે કોઈ ટ્રેઝરી, બેંક અથવા અન્ય કોઈ વિભાગમાં જવાની જરૂર નથી. પેન્શનધારકો તેમના નજીકના ડાક ઘરના પોસ્ટમેન અથવા ગ્રામીણ ડાક સેવકની મદદથી ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ મેળવી શકે છે. આ માટે માત્ર 70/- રૂપિયા ફી નિર્ધારિત કરવામાં આવી છે. આ પ્રમાણપત્ર આપમેળે સંબંધિત વિભાગને ઓનલાઈન પહોંચી જશે. આથી પેંશન મળવામાં કોઈ અડચણ નહીં થાય.

ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ ઝુંબેશ 3.0 30મી નવેમ્બર સુધી ચાલશે. આ પહેલનો ઉદ્દેશ ફેસ ઑથેન્ટિકેશન ટેકનિક અને ફિંગરપ્રિન્ટ બાયોમેટ્રિક ઑથેન્ટિકેશનની ડિજિટલ પ્રક્રિયાનો ઉપયોગ વધારવાનો છે, જેથી બધા પેંશનરો, ખાસ કરીને દૂરદૂરના વિસ્તારોમાં રહેતા લોકોને અનુકૂળ સેવાઓ મળી શકે.

# BOTAD FARMER ID

બોટાદ જિલ્લા ખેતીવાડી અધિકારીઓએ જિલ્લના તમામ ખેડૂતોને ગ્રામ્ય કક્ષાએ ખેડૂત ઓળખપત્ર માટે નોંધણી કરાવવા અનુરોધ કર્યો છે. ખેડૂતોએ નોંધણી માટે આધારકાર્ડ સાથે લિંક થયેલ મોબાઇલ નંબર, ખાતેદાર તરીકેના પુરાવાની નકલો, તેમજ આધારકાર્ડ સહિતના પુરાવા સાથે રાખવા જરૂરી છે. ખેડૂતો આ માટે ઓનલાઇન નોંધણી પણ કરાવી શકશે.

બોટાદ જિલ્લામાં અંદાજે 87 હજાર જેટલા ખેડૂતો છે, જેમની નોંધણીની પ્રક્રિયા વીસીઈ મારફતે કરવામાં આવી રહી છે. આ વિશે વધુ માહિતી આપી રહ્યા છે જિલ્લા ખેતીવાડી અધિકારી.

(બાઇટ જિલ્લા ખેતીવાડી અધિકારી ઉમેશ પટેલ)

# Morbi Ceramic

વિક્રમ સંવતનું નવું વર્ષ મોરબીના સીરામીક ઉદ્યોગ માટે સારા સમાચાર લઇને આવ્યું છે.. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં સિરામીકની માંગ વધતા ફરી તમામ કારખાનાઓ ધમધમતા થયા છે તેમ મોરબી સીરામીક એસોસિએશન પ્રમુખ મુકેશભાઈ કુંડારીયાએ જણાવ્યું હતું.

વિશ્વના બીજા નંબરના સૌથી મોટા સીરામીક ક્લસ્ટર મોરબીમાં જન્માષ્ટમી સમયે જ મંદીને કારણે 200 જેટલા સીરામીક એકમોને સ્વૈચ્છીક રીતે બંધ કરાયા હતા.

(બાઇટ - મુકેશભાઈ કુંડારીયા, મોરબી સીરામીક એસોસિએશન પ્રમુખ)

મોરબી જિલ્લામાં આવેલા 800 જેટલા સીરામીક કારખાના ફરી રાબેતા મુજબ ધમધમતા થતા હાલમાં સીરામીક એકમોમાં ગેસનો વપરાશ વધી જવા પામ્યો છે. સીરામીક એસોસિએશન પ્રમુખે જણાવ્યું હતું કે ગુજરાત ગેસનો દૈનિક 31 લાખ ક્યુબિક મીટર અને એલપીજી – પ્રોપેન ગેસનો પણ 31 લાખ જેટલો દૈનિક વપરાશ થઇ રહ્યો છે. અગાઉ આ ગેસનો વપરાશ કારખાના બંધ થતા તળિયે બેસી ગયો હતો.

# SOMNATH SANKALP DIN

શ્રી સોમનાથ મંદિર ખાતે મંદિરના ૭૮'માં સંકલ્પ દિનની ઉજવણી કરવામાં આવી. દેશની સ્વતંત્રતા સમયે જુનાગઢને સ્વતંત્ર કરાવી સરદાર પટેલ ૧૩ નવેમ્બર ૧૯૪૭ ના રોજ સોમનાથ પહોંચ્યા હતા જ્યારે સરદાર પટેલ સોમનાથ પહોંચ્યા હતા ત્યારે સોમનાથ મંદિરના જીર્ણ અવશેષો જોઈને સોમનાથ મંદીરનાં પુનઃનિર્માણ માટે સમુદ્ર જળ હાથમાં લઈને સોમનાથ મંદિરના જીર્ણોદ્ધાર માટે સંકલ્પ કર્યો હતો...

આ સંકલ્પ દિનને આજે 77 વર્ષ પૂર્ણ થતાં સોમનાથ સ્થિત સરદાર પટેલની પ્રતિમાને સોમનાથ ટ્રસ્ટ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. શ્રી સોમનાથ મહાદેવની મહાપૂજા માટે પવિત્ર દ્રવ્યનો ઉપયોગ કરીને મહાપૂજા કરવામાં આવી હતી..આ પ્રસંગે સાંજે મહાદેવને વિશેષ સાયંશૃંગાર તથા દીપમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# DAMAN COASTGUARD RESCUE

ભારતીય કોસ્ટ ગાર્ડને માછીમારી બોટ ભક્તિ સાઇમાં ટેક્નિકલ ક્ષતિ સર્જતાં ફસાઇ હોવાની માહિતી મળી હતી. દમણ કોસ્ટગાર્ડની ટીમે તાત્કાલિક રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતુ.. ઉમરગામ દરિયામાંથી બોટમાં ફસાયેલા 3 ક્રુ મેમ્બર્સનું એરલીફ્ટ કરી રેસ્ક્યુ કરાયું હતું..

રેસ્ક્યુ કરીને તેમને મહારાષ્ટ્રના બોરડી બીચ ઉપર સુરક્ષિત ઉતારી દેવામાં આવ્યા છે. જ્યારે વધુ 2 મેમ્બરોને દમણ કોસ્ટ ગાર્ડ ને સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યા છે.

# FOOTBALL TEAM GUJARAT

સંતોષ ટ્રોફી માટે ગુજરાતની ફૂટબોલની ટીમની જાહેરાત કરવામાં આવી છે.. શિવમ રાજપૂતના નેતૃત્વ હેઠળ 22 સભ્યોની ટીમ જાહેર કરવામાં આવી છે.. આ વર્ષે 78 નેશનલ ફૂટબોલ ચેમ્પિયનશિપ ફોર સંતોષ ટ્રોફી 38 ટીમો ને 9 ગ્રુપ માં વહેચવામાં આવેલી છે અને દેશમાં 8 રાજ્યો માં અલગ અલગ જગ્યાએ મેચો રમાશે..

ગુજરાત ની ટિમ આઇ ગ્રુપમાં મહારાસ્ટ્ર, દાદરા નાગર હવેલી અને દીવ તથા રાજસ્તાન સાથે છે અને આ ગ્રુપની મેચો જયપુર માં 16 થી 20 નવેબર દરમિયાન રમાશે.. ગુજરાતની પહેલી  મેચ 16 તરીખે દાદરા નાગર હવેલી અને દીવ સાથે છે.

# NEWS IN BRIEF

## અને હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....

1. રાજ્યકક્ષાની પાવાગઢ આરોહણ અવરોહણ સ્પર્ધા માટે 19થી 35 વર્ષના ઇચ્છૂક સ્પર્ધકો 30 નવેમ્બર સુધીમાં અરજી કરી શકશે
2. ગોધરાના વણાંકપુર ખાતે ઔદ્યોગિક રોજગાર ભરતી મેળો અને કારકિર્દી ર્ગદર્શન સેમીનાર યોજાયો
3. પશ્ચિમ રેલવે ભાવનગર ટ્રેનમાં એ.સી. કોચમાંથી બાર બેડ શીટની ચોરી કરીને ભાગી રહેલાં બે શખ્સો સિહોર સ્ટેશને ઝડપાયા
4. ગીર સોમનાથ જિલ્લાના ધો.૧૦ અને ૧૨ની પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ બદલ સફાઈ કામદારોના સંતાનોને જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ શુભકામના પાઠવી
5. નવસારી પ્રાણી બચાવ ટૂકડીએ વેસ્મા ગામમાં દસ ફૂટ ઊંડા ખાડામાં પડેલી શાહૂડીને હેમખેમ બહાર કાઢી
6. **હિંમતનગર ખાતે ઇન્ડીયન રેડક્રોસ સોસાયટી અને માહિતી ખાતાના સંયુક્ત ઉપક્રમે મીડિયા હેલ્થ ચેક અપ કેમ્પ યોજાયો**